

સ્કૂલ ઓફ એક્ટીંગના કલાકારોની અભિવ્યકિત - ગાંધીનગર કલ્ચરલ ફોરમ સંચાલિત કલ્ચરલ સ્કૂલ ઓફ એક્ટીંગના સીનીયર કલાકારોએ છ માસની તાલીમના અંતે જુની રંગભૂમિનું નાટક 'શ્રી નવીન મ્યુનિસિપલ ઈલેક્શન નાટક'માં અભિનયની અભિવ્યક્તિ કરી હતી. પ્રથમ અભિવ્યક્તિમાં પણ અસરકારક દેખાવ દ્વારા પ્રેક્ષકોના મન મોહી લીધા હતા. ગાંધીનગર શહેરમાં વધુ ૬૦ કલાકારોની ભેટ નવા વર્ષે નગરના સાંસ્કૃતિક જગતને વધુ સમૃદ્ધ કરશે. *(તસવીર : દિપક જાની)*

# જિલ્લાની ૨૦૬ શાળાઓમાંથી શ્રેષ્ઠ શાળાની પસંદગી કરાશે

## માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાંથી શ્રેષ્ઠ શાળાને પુરસ્કાર અપાશે

ગાંધીનગર, તા.૪

જિલ્લાની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાંથી શ્રેષ્ઠ શાળાની પસંદગી કરવામાં આવશે. જિલ્લામાં હાલ ગ્રાન્ટેડ અને નોન ગ્રાન્ટેડ ૨૦૬ જેટલી શાળાઓ છે આ પૈકી ત્રણ શાળાઓની પસંદગી કરી રાજય સરકાર દ્વારા પ્રથમ સ્થાને આવેલ શાળાને રોકડ પુરસ્કાર એનાયત કરાશે જયારે પ્રથમ શાળા રાજયકક્ષાએ જશે.

શિક્ષણ વિભાગ દ્વારા રાજયની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને અનુલક્ષી શ્રેષ્ઠ શાળા પસંદગીની પ્રક્રિયા હાથ ધરવામાં આવનાર છે. શાળાઓમાં શિક્ષણની ગુણવત્તા સુધરે તેમજ સારી શાળાઓ વચ્ચે સ્પર્ધાત્મક અભિગમ કેળવાય તેવા આશયથી નવતર પ્રયોગ હાથ ધરવામાં આવ્યો છે. ગાંધીનગર જિલ્લામાં પણ ગત વખતે ૩૦ ટકાથી ઓછું પરીણામ ધરાવતી શાળાઓ સામે કડક પગલા લેવાના હતા જયારે જવાબદાર વિષય શિક્ષકોની બદલી કરી તાલીમ કાર્યક્રમ પણ હાથ ધરવામાં આવ્યો હતો. શ્રેષ્ઠ શાળા પસંદગી અન્વયે ગાંધીનગર જિલ્લામાં પણ ગ્રાન્ટેડ અને નોન ગ્રાન્ટેડ ૨૦૬ શાળાઓ પૈકી શ્રેષ્ઠ શાળાઓની પસંદગી કરાશે. ૮૦ ટકા કે તેથી વધુ પરીણામ ધરાવતી પ્રથમ ત્રણ શાળાઓની પસંદગી માટે સમિતિને જવાબદારી સોંપવામાં આવી છે. પ્રથમ ક્રમે આવનાર શાળાને ૧ લાખનો પુરસ્કાર અપાશે જયારે રાજય કક્ષાએ પ્રથમ સ્થાને આવનાર શાળાને રૂ. ૫ લાખનું ઈનામ એનાયત કરાશે. ઈનામ ગ્રાન્ટ સ્વરૂપે એનાયત થશે.

## ખૂણે... ...ખાંચરેથી

- સે. ૨૨ના જૈન દેરાસર ખાતે ૧૯ વર્ષીય મુનિ અભિનંદનચંદ્ર સાગરજી મહારાજ શતાવધાનિનો પ્રયોગ સવારે ૯.૩૦ થી ૧૦.૩૦ ની વચ્ચે કરશે.
- ગાંધીનગર મેડીકલ કોલેજ ખાતે આજે વિવિધ મેડીકલ બ્રાન્ચના અધ્યાપકોની નિમણુંક માટે ઈન્ટરવ્યુ યોજવામાં આવ્યા હતા.
- ગાંધીનગર જિલ્લાના નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી શ્રી આઈ.આર. મનસુરી અને ગુડાના શ્રી જ્યોતિષ ભટ્ટની બદલીના હુકમો મહેસુલ વિભાગે કર્યા છે.
- મનપાના કમિશ્નર શ્રી પાડલિયાના અધ્યક્ષપદે ખાનગી ગાયનેકોલોજીસ્ટ અને પિડીયાસ્ટ્રીશ્યનો સાથે બેઠક યોજી હતી.
- ગાંધીનગર કલ્ચરલ ફોરમની સ્કૂલ ઓફ એક્ટીંગના સિનીયર કલાકારોનો ગઈકાલે યોજાયેલા પરફોર્મના શૉ માં મહિલા પાત્રોમાં રોઝલીન મેકવાન અને અદિતી ત્રિવેદીના અભિનયે સૌને વધુ મોહિત કર્યા હતા.
- ગાંધીનગર કલ્ચરલ ફોરમના હોદ્દેદારો આજે અંબાજી દર્શન માટે જઈ રહ્યા છે.
- રાજ્યના મહેસુલ મંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલના પતિ મફતભાઈ પટેલ આમ આદમી પાર્ટીમાં જોડાઈ રહ્યા છે.

# જૂના સચિવાલયની પાર્કીંગ વ્યવસ્થા અપગ્રેડ કરવાની યોજના અધ્ધરતાલ

## લાંબા સમય બાદ પણ ટાઉન પ્લાનીંગે રીપોર્ટ તૈયાર કર્યો નથી

ગાંધીનગર, તા.૪

જૂના સચિવાલયમાં યોગ્ય પાર્કીંગ વ્યવસ્થાના અભાવે રોજબરોજ આડેધડ વાહનો ખડકાતા સમસ્યા સર્જાય છે. બીજી તરફ સચિવાલય સંકુલમાં નવા પાર્કીંગ પ્લેસ ઉભા કરવા તંત્ર દ્વારા ડિઝાઈન તૈયાર કરી ટાઉન પ્લાનીંગને સુપ્રત દરી દેવાઈ છે. પરંતુ આ મામલે યોગ્ય રીપોર્ટ આખરી ન થતા ઈકો ફ્રેન્ડલી પાર્કીંગ નિર્માણ કરવાની યોજનાનું ઠેકાણું પડયું નથી.

શહેરમાં કથળતા ટ્રાફિક સિનારીયો માટે ખાડે ગયેલી પાર્કીંગ વ્યવસ્થા પણ મહદઅંશે જવાબદાર છે. આવા સંજોગોમાં શહેરના જાહેર સ્થળો તેમજ અન્ય કોમર્શિયલ કોમ્પ્લેક્ષો આસપાસ રોજબરોજ આડેધડ ખડકાતા વાહનો ટ્રાફિકની દૃષ્ટિએ અનેક સમસ્યાઓ ઉભી કરી છે. બીજી તરફ સરકારી કચેરીઓમાં પણ યોગ્ય પાર્કીંગ વ્યવસ્થા ન ગોઠવાતા કર્મચારીઓ સહીત આમ મુલાકાતીઓએ ડગલે ને પગલે હાલાકી વેઠવી પડે છે. જૂના સચિવાલય સંકુલની હાલત પણ આવી જ છે. સચિવાલય સંકુલમાં ફૂટપાથ ઉપરાંત નવું રોડ નેટવર્ક નિર્માણ કરાયા બાદ પણ પાર્કીંગની જટીલ સમસ્યા યથાવત છે. જૂની પાર્કીંગ વ્યવસ્થા પર્યાપ્ત ન હોવાથી તંત્ર દ્વારા પાર્કીંગ પ્લેસ અપગ્રેડ કરવા ઉપરાંત નવા આયોજનને અનુલક્ષી પ્લાન તૈયાર કરવામાં આવ્યો હતો. જૂના સચિવાલય સંકુલમાં ઈકો ફ્રેન્ડલી પાર્કીંગ બનાવવા તંત્ર કક્ષાએથી સૂચિત ડિઝાઈન તૈયાર કરી ટાઉન પ્લાનીંગને સુપ્રત કરવામાં આવી છે. પરંતુ લાંબા સમયના અંતે પણ સી.ટી.પી. દ્વારા પાર્કીંગ વ્યવસ્થા અંગે રીપોર્ટ તૈયાર ન થતા આખરી આયોજન થઈ શકયું નથી. સચિવાલયની પાર્કીંગ વ્યવસ્થા અપગ્રેડ કરવાની યોજના લાંબા સમયના અંતે પણ અધ્ધરતાલ છે.

# રાયસણમાં છ માસની માસુમ બાળકીને ડમ્પર ચાલકે કચડી

**રાયસણ ગામમાં ગુડા દ્વારા તૈયાર થઈ રહેલા મકાનોની સાઈટ પાસે બનેલો બનાવ : શ્રમિકનો દીકરીનો કચડીનો ડમ્પર ચાલક ફરાર**

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર નજીક રાયસણ ગામની સીમમાં ગુડા દ્વારા તૈયાર થઈ રહેલી શુભ-લાભ આવાસ યોજનાની સાઈટ પાસે સાંજના અરસામાં એક શ્રમિકની ૬ માસની દીકરીને ડમ્પર ચાલકે ટાયર નીચે ચગદી નાંખતા પગ સહીત અડધું શરીર છુંદાઈ ગયું હતું. ફુલસમી બાળકીનું કમકમાટીભર્યું મોત નિપજયું હતું. અકસ્માત બાદ ટોળું ભેગું થઈ જતા ડમ્પર મુકીને ચાલક ફરાર થઈ ગયો હતો. અડાલજ પોલીસે ડમ્પર ચાલક વિરૂધ્ધ ગુનો દાખલ કરીને તપાસ શરુ કરી છે.

રાયસણ ગામની સીમમાં ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ (ગુડા) દ્વારા તૈયાર થઈ રહેલી શુભ-લાભ આવાસ યોજનાની સાઈટ ખાતે મજુરી કામ કરી રહેલા શ્રમિક સંતોષભાઈ રવિદાસ પોતેડની ૬ માસની માસુમ દિકરી કવિતા આંતરીક માર્ગની સાઈડમાં હતી તે દરમિયાન જીજે-૧ બી.વી. ૩૦૮૮ નંબરના ડમ્પર સાથે બેફામ ગતિએ નીકળેલા ચાલકે ૬ માસની બાળકીને ટાયર નીચે કચડી નાંખતા બાળકીના પગ સહીત અડધું શરીર ચગદાઈ ગયું હતું. તેણીને તાત્કાલીક ગાંધીનગર સિવિલ હોસ્પિટલ સારવાર માટે લઈ જવામાં આવી હતી પરંતુ ફરજ પરના તબીબે તેણીને મૃત જાહેર કરતા સન્નાટો મચી જવા પામ્યો હતો અને હોસ્પિટલમાં જ હૈયાફાટ રુદન શરુ થઈ ગયું હતું. અડાલજ પોલીસે ડમ્પર ચાલક વિરૂધ્ધ ગુનો દાખલ કરી તેની શોધખોળ માટે ચક્રો ગતિમાન કર્યા છે.

# ગાંધીનગરમાં ૮મી અને ૯મીએ કોંગ્રેસની સદાચાર યાત્રા યોજાશે

## દ્દુહીએ શહેર કોંગ્રેસ સમિતિની ખાસ કારોબારી બેઠક

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર જિલ્લામાં આગામી ૮ અને ૯ જાન્યુઆરીના રોજ પ્રદેશ સમિતિ દ્વારા યોજાનાર સદાચાર યાત્રા આવશે. આ યાત્રાના પ્રવાસ અને રૂટ વિશે સોમવારે મળનાર શહેર કોંગ્રેસ સમિતિની ખાસ બેઠક યોજવામાં આવી છે.

ગાંધીનગર શહેર જિલ્લા કોંગ્રેસ સમિતિના મહામંત્રી શ્રી કે.પી. સોલંકી અખબારી યાદીમાં જણાવે છે કે, ગાંધીનગર શહેર જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી મુકેશ પટેલના અધ્યક્ષસ્થાને કોંગ્રેસ કાર્યાલય સેક્ટર-૨૨, ગાંધીનગર ખાતે તા. ૬-૧-૨૦૧૪ના રોજ બપોરે ૩.૦૦ કલાકે કારોબારી બેઠકનું આયોજન કરવામાં આવેલ છે. આ બેઠકમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ દ્વારા સદાચાર યાત્રાનું આયોજન કરવામાં આવેલ છે. આ યાત્રા ગાંધીનગર શહેરમાં તા. ૮-૧-૨૦૧૪ અને ૯-૧-૨૦૧૪ના રોજ આવનાર હોઈ યાત્રાની સફળતા થાય તે રીતનું આયોજન કરવાનું છે. આ સદાચાર યાત્રામાં જિલ્લાના ધારાસભ્યશ્રીઓ, જીલ્લા/તાલુકા પંચાયતના સદસ્યો, સ્વયંસેવી સંસ્થાના પ્રતિનીધીઓ, પ્રભારીશ્રીઓ, સહકારી આગેવાનો, જિલ્લાના અગ્રણીઓ, યુવા કોંગ્રેસ, મહિલા કોંગ્રેસ, એન.એસ.યુ.આઈ., સેવાદળના અગ્રણીઓ તથા કોંગ્રેસના કાર્યકરો અને હોદ્દેદારો જોડાનાર છે. તો ઉપરોક્ત બાબતે જરૂરી આયોજન અને વિગતવાર કાર્યક્રમ અંગે ચર્ચા વિચારણા કરવા માટે સમયસર તા. ૬-૧-૨૦૧૪ની મીટીંગ મળશે.

## જાહેરાત

શ્રેયાન વ્યવસ્થાપકશ્રી, સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર ખાતે એપ્રેન્ટીસ એક્ટ-૧૯૬૧ હેઠળ માર્ચ-૨૦૧૪થી શરૂ થતાં સત્ર માટે બુક બાઈન્ડર એપ્રેન્ટીસની ૨૪ જગા તેમજ મશીન માઈન્ડર એપ્રેન્ટીસની ૦૭ જગા માટે ભરતી કરવા તા. ૧૭/૧/૨૦૧૪ સુધી અરજી મંગાવવામાં આવે છે. ત્યારબાદ આવેલ અરજીઓ ધ્યાનમાં લેવામાં આવશે નહીં.

| ક્રમ | ટ્રેડ | લાયકાત | સ્ટાઈપેન્ડની રકમ અને વર્ષ |
|---|---|---|---|
| ૧ | બુક બાઈન્ડીંગ એપ્રેન્ટીસ | ધોરણ-૯ પાસ<br>ઉંમર- ૧૪થી ૨૮ વર્ષ | પ્રથમ વર્ષે - રૂ. ૨૧૦૦/-<br>બીજા વર્ષે - રૂ. ૨૪૦૦/- |
| ૨. | મશીન માઈન્ડર એપ્રેન્ટીસ | ન્યુ એસ.એસ.સી. પાસ<br>ઉંમર- ૧૪થી ૨૮ વર્ષ | પ્રથમ વર્ષ - રૂ.૨૧૦૦/-<br>બીજા વર્ષ - રૂ. ૨૪૦૦/-<br>ત્રીજા વર્ષે - રૂ. ૨૮૦૦/- |

ઉમેદવારે સ્વખર્ચે ઈન્ટરવ્યુ આપવા આવવાનું રહેશે. તેમજ સદર તાલીમ ફક્ત એપ્રેન્ટીસ ધારાની જોગવાઈ હેઠળ હોઈ તાલીમના અંતે તાલીમાર્થીને છૂટા કરવામાં આવશે.

સહી/-
શ્રેયાન વ્યવસ્થાપક
માહિતી/૨૦૬૮/૧૩-૧૪ સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર



સ્વર્ણિમ પાર્કનો નવો વિવાદ - છેલ્લા કેટલાક સમયથી સ્વર્ણિમ પાર્ક વિવાદમાં રહ્યું... વહેલી સવારથી સ્વર્ણિમ પાર્કમાં પ્રેમી પંખીડાઓ બેસતા હોવાની ચર્ચાએ વિવાદ જગાવ્યો હતો. સત્તાવાહકોએ સ્વર્ણિમ પાર્કના દરવાજે તાળા મારવાનો નિર્ણય લીધો આમ છતાં દરવાજે તાળું અને શેઢે છીંડાને કારણે પાર્કમાં પ્રેમીપંખીડાઓ હોવાની પ્રતિતી કરાવતી તસવીર વિવાદને વધુ ઘેરો બનાવી રહી છે... *(તસવીર : દિપક જાની)*

# રાજયની આર.ટી.ઓ.માં '૧૩'નો અંક ભ્રષ્ટાચારનું ભોંયરૂં

## નંબરનો સરવાળો '૧૩' કે પ્લેટમાં '૧૩'ન આવે તે માટે થતો વહીવટ, અંધ શ્રધ્ધાળુઓની મજબૂરી

ગાંધીનગર, તા.૪

રાજયની આર.ટી.ઓ. કચેરીમાં દૈનિક અનેક વાહનો પાસીંગ અર્થે આવતા હોય છે. જેમાં અમુક અંધશ્રધ્ધાળુ વાહન માલિકો દ્વારા '૧૩'ના અંકને પોતાના વાહનથી દૂર રાખવા જે તે કચેરીમાં ઉપરથી રકમ ચુકવતા હોવાનું બહાર આવ્યું છે. સમાજમાં '૧૩'ના અંકને કેટલાક લોકો અપશુકનિયાળ માનતા હોય છે. જેનો સીધો લાભ હાલ તો વાહન વ્યવહાર કચેરીના કેટલાક લોકોને થતો હોવાનું જાણવા મળ્યું છે. જો કે સીરીઝ મુજબ ક્રમસર જો નંબર ફાળવવામાં આવે તો આ ભ્રષ્ટાચારનું દુષણ દુર થઈ જાય તેવો મત પણ કેટલાક વાહન ચાલકોએ વ્યકત કર્યો છે.

રાજયની વાહન વ્યવહાર કચેરી દ્વારા સમયાંતરે પસંદગીના નંબર મેળવવા હરાજી કરાતી હોય છે. જેમાં સરકારને આવક થાય છે અને વાહનચાલકને પસંદગીનો નંબર મળી જાય છે. પરંતુ આર.ટી.ઓ. દ્વારા પસંદગીના નંબર બાદ કરતાં ક્રમવાર નંબર ન ફળવાતા કેટલાકને '૧૩' નંબર ન આવે તે માટે કચેરીમાં પ્રસાદ ધરાવવો પડતો હોવાનો બળાપો વાહનચાલકો કાઢી રહ્યા છે. ફળવાયેલા નંબરનો સરવાળો પણ '૧૩' ન થવો જોઈએ તેમજ નંબર પ્લેટમાં '૧૩'નો અંક પણ ન આવવો જોઈએ તેવો અંધ શ્રધ્ધાળુ દૃષ્ટિકોણ રાખી અન્ય નંબર મેળવવા વધારાની રકમ ચુકવી રહ્યા હોવાનું જાણવા મળ્યું છે.

જો કે કેટલાક બુધ્ધિજીવી વર્ગે આ અંગે પોતાનું મંતવ્ય આપતા જણાવ્યું હતું કે આર.ટી.ઓ. કચેરીએ '૧૩' નંબરના સરવાળા વાળા નંબર તથા '૧૩'ના અંકવાળા નંબર અલગ ફાળવી રાખી અંધ શ્રધ્ધાના

● અનુસંધાન પાન-૭ પર

# છ રાજ્યમંત્રીઓને સહ પ્રભારીમંત્રી તરીકે જિલ્લાઓની ફાળવણી કરાઈ

ગાંધીનગર, તા. ૪

રાજ્ય સરકારે બાર મંત્રીઓને પ્રભારી મંત્રી તરીકે અને ૧૦ મંત્રીઓને સહ પ્રભારી તરીકે જિલ્લાઓની ફાળવણી કરવામાં આવી છે.

રાજ્યના દરેક જિલ્લાઓના સુવ્યવસ્થિત વહીવટ અને તેના પર ઉચ્ચ કક્ષાએ દેખરેખ રહે તે માટે રાજ્ય સરકાર દ્વારા મંત્રીઓને કામગીરી સોંપવામાં આવે છે.

રાજ્ય સરકારે થોડા સમય અગાઉ રાજ્યમંત્રીમંડળનું વિસ્તર કરીને નવા ૬ મંત્રીઓનો મંત્રીમંડળમાં સમાવેશ કરવામાં આવતાં આ મંત્રીઓને પણ સહપ્રભારી મંત્રી તરીકે જિલ્લાઓની ફાળવણી કરવામાં આવી છે.

વાસણભાઈ આહીરને જામનગર, દેવભૂમિ દ્વારકા, જશવંતસિંહ ભાભોરને પંચમહાલ, છત્રસિંહ મોરીને છોટા ઉદેપુર, જયદુથસિંહ પરમારને મહીસાગર, જયેશ રાદડીયાને કચ્છના અને દીલીપ ઠાકોરને બનાસકાંઠાના સહ પ્રભારી મંત્રી તરીકે ફાળવણી કરાઈ છે.

લીકેજ-મુક્ત ઘરો માટે
UltraTech SEAL & DRY
Total Waterproofing Solution
Waterproofing ka champion
શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.
મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.

પરાગ પટેલ (જાંબુ) મો. ૯૫૧૧૫૮૫૨૭૯
રજનીભાઈ શાહ મો. ૮૮૬૬૧૦૮૬૬૨
નરેન્દ્ર પટેલ (શંભુ) મો. ૯૮૨૪૦૫૪૨૧૪
દિવાની ટાઈલ્સ
રબ્બર અને પેવર બ્લોક મેન્યુફેક્ચરર એન્ડ સપ્લાયર્સ તેમજ ફીટીંગ કરી આપવામાં આવશે
જે.એસ. પટેલ વિદ્યામંદિર સામે, માર્કેટ યાર્ડની બાજુમાં, રાંધેજા, ગાંધીનગર

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
એપોલો/બીરલા/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
BIRLA TYRES

SANGHI CEMENT
C. C. C. (Customer Care Centre)
Gandhinagar District

VINAYAK 500
TMT BARS - ISI
ડીસ્ટ્રીબ્યુટર - ઉત્તર ગુજરાત
તાલુકા પ્રમાણે ડિલર આવકાર્ય છે.

જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૮૭૮૭૭, ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સાવન વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com